જન્મદિને વધામણી

નારાયણ વિ મોદી
પૂર્વ સચિવ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ વિભાગ
મો. ૯૪૨૯૩ ૮૯૫૧૯

કથન ત્રિવેદી
મો. ૯૭૧૨૯ ૩૭૧૦૨

દૃષ્ટિ જતીનભાઈ દવે
મો. ૮૧૫૪૯ ૮૩૮૪૮

વિશ્રુત્તિ ચિરાગ ગોહેલ
મો. ૯૯૨૪૦ ૨૪૬૫૬

નભ્ય જૈવિક શાહ
મો. ૯૮૨૪૬ ૨૨૧૩૧

ઈન્ફોસિટી ખાતે આજે વૉલીબૉલની ટુર્નામેન્ટ

રાજ્યભરની ૨૦ ટીમ સામેલ : રાતભર ટુર્નામેન્ટ ચાલશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર ઈન્ફોસિટી ખાતે ઈન્ફોસિટી શુટીંગ વોલીબોલ ક્લબ દ્વારા તા. ૨૪ નવેમ્બર ને શનિવારથી વોલીબોલ ટુર્નામેન્ટનો આરંભ કરવામાં આવી રહ્યો છે.

સતત ૬ઠ્ઠા વર્ષે ક્લબ દ્વારા આયોજિત આ વોલીબોલ ટુર્નામેન્ટમાં રાજ્યભરમાંથી આવેલી ૨૦ જેટલી ટીમ ભાગ લઈ રહી છે. ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ, ઈન્ફોસિટી સામેના વૉલીબૉલ ગ્રાઉન્ડ ખાતે શનિવારે સાંજે ૭ કલાકે શરૂ થનારી આ ટુર્નામેન્ટ વહેલી સવારે ૬ વાગ્યા સુધી ચાલશે.

નગરની રમતપ્રેમી જનતાને આ અનોખી ટુર્નામેન્ટ માણવા માટે ક્લબ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

શ્રી ગાયત્રી શક્તિપીઠ ખાતે યોગની નિઃશુલ્ક તાલીમ

ગાંધીનગર, તા. ૨૩

દિવ્ય જીવન સંઘ, ગાંધીનગર તથા ગાયત્રી શક્તિપીઠ, સેક્ટર-૧ના ઉપક્રમે નિયમિત નિઃશુલ્ક યોગના અભ્યાસ વર્ગો દરરોજ સવારે ૭.૦૦થી ૮.૧૫ દરમિયાન શ્રી ગાયત્રી શક્તિપીઠ, સેક્ટર-૧ ખાતે ચાલી રહ્યા છે.

યોગ, ધ્યાન, પ્રાણાયામ, સાચું શ્વસન, બીમારીઓના ઉપચાર તથા બીમારી રોકવા માટે યોગનો ઉપયોગ, માનસિક સ્વાસ્થ્ય વગેરે બાબતોનો આ વર્ગમાં અભ્યાસ કરાવવામાં આવે છે.

આ નિઃશુલ્ક યોગના વર્ગોનો લાભ લેવા માટે નગરજનોને દિવ્ય જીવન સંઘ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

મહાકુંભ મેળા માટે ટ્રેનની ટિકિટ પંદર દિવસ પહેલાં મળી શકશે

ગાંધીનગર, તા. ૨૩

મહાકુંભ મેળા વખતે આવતા વર્ષે અલાહાબાદ તરફ જતાં લોકોની ભીડ ઓછી કરવા માટે રેલવેએ ટ્રેનની અનારક્ષિત ટિકિટો હાલના ત્રણ દિવસને બદલે ૧૫ દિવસ પહેલાં રેલવે ટિકિટની ઍપ પર આપવાનો નિર્ણય જાહેર કર્યો હતો. આ સુવિધા અલાહાબાદના ફક્ત ૧૨ સ્ટેશનો માટે જ ઉપલબ્ધ રહેશે.

રેલવેએ કરેલી જાહેરાતમાં જણાવાયું હતું કે જો કોઈ પ્રવાસી ભારતના કોઈપણ રેલવે સ્ટેશનથી મહાકુંભ મેળાના ૧૨ સ્ટેશનો સુધીની રિટર્ન ટિકિટ યુટીએસ ઍપ દ્વારા ખરીદશે, તો પ્રવાસના દિવસને બાદ કરતા પંદર દિવસ અગાઉ એ અનારક્ષિત ટિકિટ ખરીદી શકશે.

આ રીતે ખરીદેલી ટિકિટ પર કોઈ જાતનું રિફંડ આપવામાં નહીં આવે. અનારક્ષિત ટિકિટો ૧૫ દિવસ અગાઉ ખરીદવાની આ સુવિધા ફક્ત ૧૧મી જાન્યુઆરી, ૨૦૧૯થી માર્ચ ૨૦૧૯ વચ્ચે ઉપલબ્ધ રહેશે. અલાહાબાદ જંક્શન, અલાહાબાદ સિટી, નૈની, સબદરગંજ, રામબાગ, પ્રયાગ ઘાટ, દારાગંજ, ફાફુમાઉ, જુસી, વિંધ્યાચલ, છેઓકી માટે આ રીતે ટિકિટ ખરીદી શકાશે. હાલ યુટીએસ ઍપ પર ૨૦૦ કિ.મી. કે એથી વધુના પ્રવાસ માટે ત્રણ દિવસ અગાઉ અનારક્ષિત ટિકિટો ખરીદી શકાય છે.

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના બે વિદ્યાર્થીઓ પ્રિ-આરડીસી કૅમ્પમાં

ગાંધીનગર, તા. ૨૩

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના ઍનએસએસ યુનિટના બે વિદ્યાર્થીઓની ગુજરાત રાજ્યના પ્રતિનિધિ તરીકે પ્રિ-આરડીસી કૅમ્પમાં પસંદગી થઈ છે.

પ્રિયંકા પરમાર અને ઉદિત લકુમ ઍનએસએસ સ્વયંસેવક તરીકે તેમના શ્રેષ્ઠ પરફોર્મન્સને કારણે નાગપુર ખાતે યોજાનાર પ્રિ આરડીસી કૅમ્પ માટે પસંદગી પામ્યા છે. પાંજ રાજ્યોના સ્વયંસેવકો આ કૅમ્પમાં જોડાશે, જે પૈકી આરડીસી કૅમ્પ માટે સ્વયંસેવકોની પસંદગી કરવામાં આવશે. આ માટે પરેડ, સાંસ્કૃતિક કાર્યક્રમ, તજ્જ્ઞો દ્વારા બૌદ્ધિક સૅશન, વ્યક્તિત્વ વિકાસ જેવી બાબતોને ધ્યાને લેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે બંને વિદ્યાર્થીઓને સંપૂર્ણ માર્ગદર્શન કૉલેજના ઍનએસએસ પ્રોગ્રામ ઑફિસર ડૉ. રણછોડ રથવી પાસેથી પ્રાપ્ત થયું હતું. કૉલેજ પરિવાર તરફથી આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાએ બંને વિદ્યાર્થીઓને બિરદાવી કૅમ્પ માટે શુભકામનાઓ પાઠવી છે.

ગાંધીનગરમાં ઈન્ટરનેશનલ મેડિટેશન સેન્ટર બૌદ્ધ ભિક્ષુઓનું પ્રશિક્ષણ કેન્દ્ર આકાર પામશે

રાજકોટમાં રવિવારે ચોથી બુદ્ધિસ્ટ કોન્ફરન્સ યોજાશે ૮૦ ફૂટ ઊંચાઈની 'સ્ટેચ્યૂ ઓફ પીસ'નું નિર્માણ થશે

ગાંધીનગર, તા. ૨૩

તા. ૨૫મી નવેમ્બરના રોજ વડોદરામાં ત્રીજી ઈન્ટરનેશનલ બૌદ્ધ કોન્ફરન્સ યોજાશે. જેમાં વિદેશનાં પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે. આ કોન્ફરન્સમાં પ્રાચીન બૌદ્ધ અવશેષો અંગે વાર્તાલાપ કરાશે. સાથે જ ગુજરાતનાં પવિત્ર સ્થાનોની મુલાકાત પણ લેવાશે. આ કોન્ફરન્સ એ સમયે યોજાઈ રહી છે જ્યારે ઉત્તર ગુજરાતનાં દેવની મોરી પાસેથી મળી આવેલા બૌદ્ધ અવશેષોની પપમી વર્ષગાંઠ પણ ઉજવવામાં આવી રહી છે. આ કોન્ફરન્સનો ઉદ્દેશ દુનિયાના મુખ્ય દેશો સાથે ગુજરાતનો દીર્ઘકાલીન સહયોગ સ્થાપવાનો છે. ગુજરાતમાં જે સમૃદ્ધ બૌદ્ધધર્મનો વારસો છે, તેને કારણે ગુજરાત એક વૈશ્વિક ટૂરિસ્ટ ડેસ્ટિનેશન બની રહે તે માટે પણ પ્રયાસ થશે.

જાન્યુઆરી, ૨૦૧૯ સુધીમાં અમદાવાદમાં એક 'બુદ્ધિસ્ટ સ્ટડી સેન્ટર' બનશે. જ્યાં પાલી ભાષા અને બૌદ્ધ ધર્મનું પ્રશિક્ષણ આપશે. ગાંધીનગરમાં ઈન્ટરનેશનલ મેડિટેશન સેન્ટર અને બૌદ્ધ ભિક્ષુઓનું પ્રશિક્ષણ કેન્દ્ર બનશે. સાથે જ ગાંધીનગર નજીક 'સ્ટેચ્યુ ઓફ પીસ' ભગવાન બુદ્ધની ૮૦ ફૂટ ઊંચાઈની પ્રતિમાનું નિર્માણ થશે. સાથે જ વલભી વિદ્યાપીઠ કે જ્યાં એક સમયે વિદેશથી પણ લોકો પ્રશિક્ષણ મેળવવા આવતા હતા, તેના પુનરુત્થાન-પુનઃજીર્વિત કરવાનું કાર્ય થશે. જ્યારે ચોથી બુદ્ધ આંતરરાષ્ટ્રીય બૌદ્ધ કોન્ફરન્સ રાજકોટમાં યોજાશે.

અંદાજિત ૧૩૦૦ વર્ષ પ્રાચીન વલભી વિદ્યાપીઠ આજના ભાવનગર નજીક કાર્યરત હતી. તેનાં પુનરોત્થાન-પુનર્જીવિત કરવાના કાર્ય માટે પણ આપણો પ્રયાસ રહેશે. એક સમયે ત્યાં ૧૦૦થી વધુ બૌદ્ધ મઠ અને ૬,૦૦૦થી વધુ બૌદ્ધ ભિક્ષુઓ કાર્યરત્ હતા. અહીં વિદેશથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જ્ઞાનની પ્રાપ્તિ માટે આવતા હતા. ગુજરાતનાં આ સમૃદ્ધ વારસાને પુનઃ વિશ્વફલક ઉપર લઈ જવાનો પ્રયાસ પણ રહેશે. તેમણે જણાવ્યું કે ગુજરાત વિશ્વનાં બૌદ્ધ દેશોમાં એક વિશિષ્ટ પ્રવાસન સ્થળ બની રહે તે માટેનો પ્રયાસ પણ થઈ રહ્યો છે. જેના ભાગ રૂપે જ ભગવાન બુદ્ધની ૮૦ ફૂટ ઊંચાઈની 'સ્ટેચ્યુ ઓફ પીસ'નું નિર્માણ થઈ જવા રહ્યું છે. ગાંધીનગર નજીક ગુજરાત સરકાર દ્વારા આ માટે જમીન ફાળવવાની પ્રક્રિયા ચાલી રહી છે.

બૅંક સાથે આધાર લિંક ન હોય તો સેલરી અટકાવી શકાય નહીં : મુંબઈ હાઈકોર્ટ

ગાંધીનગર, તા. ૨૩

આધાર કાર્ડ સાથે સેલેરી અકાઉન્ટ લિંક ન હોવાને કારણે પોર્ટ ટ્રસ્ટના એક કર્મચારીનો પગાર ૨૦૧૬થી અટકાવી રાખવાના કેન્દ્ર સરકારના નિર્ણય પર મુંબઈ હાઈ કોર્ટે સવાલ ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે આધાર કાર્ડ સાથે બૅંક અકાઉન્ટ લિંક કરવામાં નિષ્ફળ જવાને કારણે કોઈનો પણ પગાર અટકાવી શકાય નહીં. મુંબઈ પોર્ટ ટ્રસ્ટમાં ચાર્જમેન તરીકે કાર્યરત રમેશ પુરાલે દ્વારા કરાયેલી અરજી પર હાઈ કોર્ટે ઉક્ત બાબત જણાવી હતી. પુરાલેને ડિસેમ્બર, ૨૦૧૫માં કેન્દ્રીય શિપિંગ મંત્રાલય દ્વારા પત્ર મોકલીને જે બૅંક અકાઉન્ટમાં સેલેરી ક્રેડિટ થતી હોય તેને આધાર કાર્ડ સાથે લિંક કરાવવા કહ્યું હતું, પરંતુ તેણે પોતાની પ્રાઈવસીનો સૈદ્ધાંતિક અધિકારનો ભંગ થઈ રહ્યો હોવાનું જણાવીને એવું કરવાનો ઈનકાર કર્યો હતો. જુલાઈ, ૨૦૧૬થી પુરાલેને સેલેરી આપવાનું બંધ કરવામાં આવ્યું હતું ત્યાર બાદ તેણે હાઈ કોર્ટમાં ધા નાખી હતી. ચાલુ મહિનાની શરૂઆતમાં પુરાલેએ સુપ્રીમ કોર્ટના ૨૬મી સપ્ટેમ્બરના આધાર કાર્ડ સંબંધિત ચુકાદાને આધાર રાખીને અરજી કરી હતી. કોઈ કર્મચારીનું બૅંક અકાઉન્ટ આધાર કાર્ડ સાથે લિંક ન હોય તો કેન્દ્ર સરકાર કેવી રીતે કોઈ કર્મચારીની સેલેરી અટકાવી શકે છે? સુપ્રીમ કોર્ટના આદેશને અનુસરીને અમારો પ્રથમદર્શી મત છે કે આધાર કાર્ડ સાથે બૅંક અકાઉન્ટ લિંક ન હોય તો કોઈ પણ કર્મચારીની સેલેરી અટકાવી શકાય નહીં', એમ હાઈ કોર્ટે કહ્યું હતું. હાઈ કોર્ટે કેન્દ્ર સરકારને પુરાલેની સેલેરી ચુકવવાનો આદેશ આપતા સુનાવણી આઠમી જાન્યુઆરી સુધી મુલતવી રાખી હતી.

અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

॥ ૩૪મો મણકો ॥

કોઈ સીવેલું કપડું નહીં, માત્ર એક પોતડી. 'આટલાં કપડાંની મને શી જરૂર ? આટલાં કપડાંમાંથી તો પહેલી બહેનો જેવા ત્રણ-ચારનાં કપડાં આવી જાય' એમ વિચારીને તેમણે વધારાનાં વસ્ત્રોનો ત્યાગ કર્યો, વસ્ત્ર પરિહાર કર્યો.

એમણે ધાર્યું હોત તો કપડાં તેઓ માંગી શક્યા હોત ને તેમને મળ્યા પણ હોત. પણ તેમણે નક્કી કર્યું હતું કે, મારે લોકોને કપડાં પહેરાવવાં છે પણ તેમને ભિખારી નથી બનાવવા, આ કપડાં મારે તેમને આત્મસન્માન સાથે પહોંચાડવાં છે, તેમના અધિકારથી પહોંચાડવાં છે. આ અધિકારની વાત તેમણે ૧૯૦૯માં લખેલાં પુસ્તક 'હિન્દ સ્વરાજ'માં પણ કરી હતી. તેમને એવું કરવું હતું કે, લોકો એમ માને કે આ કપડાં મેં મારા અધિકારથી મેળવ્યા છે. અને આ અધિકાર એ કર્તવ્યમાંથી નિષ્પન્ન થવો જોઈએ. માણસે પોતાના કર્તવ્યનો વિચાર કરવો જોઈએ અને તેના પરિણામમાંથી અધિકાર નીકળવો જોઈએ. આ અધિકાર તેઓ લોકોને આપવા માંગતા હતા અને એમાંથી ખાદીનો વિચાર આવ્યો, મજબૂત થયો.

માણસ પોતે મહેનત કરીને કાંતે અને વસ્ત્ર મેળવે.

૧૯૪૫-૪૬માં બોમ્બે પ્લાન બનાવવામાં આવી રહ્યો હતો. કેટલાક આગળ પડતા ઉદ્યોગપતિઓએ અને લોકોએ ભેગા થઈને આ પ્લાન બનાવવાનું નક્કી કરેલું. કારણ કે એમને એમ થઈ ગયું હતું કે આઝાદી હવે નજીકમાં જ છે અને તેથી ઉદ્યોગોની ને ફાયદાની વાતો પણ વિચારી લેવી જોઈએ. આ બૉમ્બે પ્લાનના કાગળિયાં ગાંધીજીને પણ કોઈએ વાંચવા માટે લાવી આપેલાં. ગાંધીજીએ તે વાંચ્યાં. લાવી આપનારે ગાંધીજીને પૂછ્યું, 'ર્ઢહં એ હ્વીઝ્ઝીર્ટ્રી હ સ્ટ્રજજઁ ઝ્વિર્ઝેંહ ?' ગાંધીજીએ તરત જ જવાબ આપ્યો, 'ૅ હ્વીઝ્ઝીર્ટ્રી હઁ ઝ્વિર્ઝેંહ હ્વઅ ંરી દ્વટ્ટજજીજ.' હું માત્ર વિપુલ ઉત્પાદનમાં નથી માનતો, પણ અનેક લોકો દ્વારા થતા વિપુલ ઉત્પાદનમાં માનું છું.

મને યાદ છે કે અમે વેડછીના આશ્રમમાં શિક્ષણના કાર્યનો આરંભ કર્યો ત્યારે ત્યાં છોકરાઓ ખૂબ જ ગંદા આવતા. તેથી અમે તેમને કહ્યું કે 'જાઓ, ઘરે જઈને નાહીધોઈને ચોખ્ખા થઈને આવો.' આમ અમે તો એમને કાઢી મૂક્યા ને છોકરાઓ ગયા પણ ખરા, પણ વળીને આવ્યા નહીં. બીજા દિવસે આવ્યા, પણ એ જ હાલમાં. પછી અમને ખબર પડી કે એ ૬૩ છોકરાઓમાંથી ત્રણ છોકરાઓ શિક્ષકના હતા તે સિવાય ૬૦ છોકરાઓ પૈકી કોઈનીય પાસે બદલવા માટે બીજાં કપડાં ન હતાં. નાહીધોઈને ચોખ્ખા થઈને બદલેય શું ? અમારી આંખો ખૂલી. તેથી અમે વિચાર્યું કે આમને કપડાં બનાવતાં શીખવવું એ જ અમારી શાળા. અને અમે પ્રયાસો શરૂ કર્યા. ઉપલા ધોરણવાળા વિદ્યાર્થીઓ વણે ને નીચલા ધોરણવાળા વિદ્યાર્થીઓ કાંતે એમ કરીને અમે એક વર્ષ પછી બધા જ વિદ્યાર્થીઓને એક જોડ કપડાં તો આપી શક્યા હતા.

ગાંધીજી માટે ખાદીનો વિચાર એ અર્થશાસ્ત્ર નહીં, શિક્ષણશાસ્ત્ર હતું. ખાદીમાં જે સર્જનાત્મક આનંદ છે એની અનુભૂતિ અમે પણ કરી છે. સાહિત્યકારોની ભાષામાં કહીએ તો 'બ્રહ્માનંદ સહોદર' ખાદીએ આપ્યો છે. એ રસનો સ્વાદ તો શંકર જ જાણે !

એક સમયે ફ્રાન્સથી આવેલી એક છોકરીએ હું સેવાગ્રામમાં હતો ત્યારે મને પૂછેલું, 'તમે શા માટે કાંતો છો ?' મેં જવાબ આપ્યો હતો, 'હું મારા મનની શાંતિ માટે કાંતું છું.' અને એ છોકરી ઊછળી પડેલી, 'હું આ જ જવાબ શોધતી હતી. મેં ઘણાને પૂછ્યું પણ મને આ જવાબ નહોતો મળ્યો. મને હતું જ કે ગાંધીજી ખાદી ઉપર ભાર મૂક્યો હોય તો એનું કારણ માત્ર ભૌતિક ન જ હોય, એનું આધ્યાત્મિક કારણ પણ હોય જ.'

આ આધ્યાત્મિકતાનો અનુભવ મેં કર્યો છે. મેં અનુભવ્યું છે કે, મૂંઝવણના દિવસો હોય ત્યારે રેંટિયો લઈને કાંતવાથી મનને ઠીક ઠીક રાહત થાય છે. તમને ગમતા કોઈ પણ સર્જનાત્મક કાર્યથી તમે આ રાહત મેળવી શકો છો. અમને એ રાહત રેંટિયાથી મળી છે.

વળી કાંતણમાં ફાયદો એ છે કે તેમાં નવું સર્જન હોય છે, તેમાં રિધમ હોય છે, લય હોય છે અને તે કારણે સંવાદિતા પણ હોય છે. ગાંધીજીએ તો કાંતણને એટલું મહત્ત્વ આપ્યું છે કે એમણે 'સૂતરને તાંતણે સ્વરાજ'ની વાત કરી છે. ૧૯૩૨નો એક પ્રસંગ છે. મુંબઈમાં એસ્પ્લેનેડ સ્ટ્રીટ (આઝાદ મેદાન)માં એક સભા ચાલી રહી હતી અને અચાનક પોલીસે છાપો માર્યો. ત્યાં જે કોઈ ઊભા હતા તેમને પકડીને પોલીસ લઈ જવા લાગી. એમાં એક મહિલા પણ હતી. મહિલાએ પોલીસના વાહનમાં બેસતાં પહેલાં થોડો સમય માંગ્યો. અને આસપાસ જોવા લાગી. તે જેને શોધતી હતી તેવો કોઈ માણસ તેને દેખાયો. આ માણસને બોલાવી મહિલાએ તેના હાથમાં એક નાનું પોટલું મૂક્યું અને પોતાનું નામ, ઘરનું સરનામું તથા સસરાનું નામ પણ જણાવી વિનંતી કરી કે 'હું તો સભા જોવા આવી હતી પણ હવે પોલીસે મને પકડી લીધી હોવાથી હું તો ઘરે જઈ શકું એમ નથી, પણ તમે મારા ઘરે જઈને આ પોટલું પહોંચાડી દેશો એવી મારી વિનંતી છે.' પોટલું લેનાર માણસને આશ્ચર્ય થયું. એ પોટલામાં સ્ત્રીએ પોતાના શરીરે પહેરેલાં બુટ્ટી, બંગડી જેવા ઘરેણાં કાઢીને મૂકી દીધા હતા. 'તમે તો મને ઓળખતા પણ નથી. તેમ છતાં મારા હાથમાં આ અસ્મત શી રીતે આપો છો ? હું તે લઈને ક્યાંક ભાગી જઈશ તો ?' પોટલું લેનારે પૂછ્યું. મહિલાએ પુરા વિશ્વાસથી કહ્યું : 'હું જાણું છું કે તમે એમ નહીં કરો.' 'કેમ ?' 'કારણ કે તમે ખાદી પહેરી છે.' (ક્રમશઃ)

સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ

દિવસે-દિવસે પ્રશ્નો અઘરા થતા જાય છે, શું કરવું?

કરિયર કોર્નર
કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ
હાર્દિક કે. પરીખ

નમસ્કાર. 'કરિયર કોર્નર' કૉલમને ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. અમે આપના સહકારથી અમને ખૂબ પ્રોત્સાહન મળે છે અને અમે વિદ્યાર્થીઓને સચોટ માર્ગદર્શન આપવા કટિબદ્ધ છીએ. આભાર. હવે આપ અમને ફેસબુક પર લાઈક કરી શકો છોઃ facebook.com/questions.careercorner પર.

૧. હું હાલમાં બી.કોમ, સેમ પમાં અભ્યાસ કરું છું. ક્લાર્ક, તલાટી, કૉન્સ્ટેબલ જેવી પરીક્ષામાં ઉત્તિર્ણ થવા માટે શેનું વાંચન કરવું જોઇએ?

- રણજીત વાઘ્રી, દેહગામ

રણજીત, સૌપ્રથમ તો આપને જણાવી દઈએ કે આપે જે પણ પરીક્ષાની વાત કરી છે એ દરેક પરીક્ષા મુખ્યત્વે ગુજરાત સરકાર

ધ્વારા લેવામાં આવતી વર્ગ ૩ની પરીક્ષાઓ હેઠળ આવે છે. માટે આ દરેક પરીક્ષા માટે આપનો મોટાભાગનો અભ્યાસક્રમ સમાન હોય છે જે આપ દરેક પરીક્ષાની જાહેરાત ધ્વારા જોઈ શકો છો અને એને અનુરુપ તૈયારી કરી શકો છો. આ દરેક પરીક્ષામાં મુખ્યત્વે ગણિત , અંગ્રેજી, સામાન્ય જ્ઞાન અને જગ્યાને અનુરુપ પ્રશ્નો પૂછાતા હોય છે. ગણિત ની વાત કરીએ તો એ માટે આપ ને સૌપ્રથમ અમૂક ગણિતના સામાન્ય નિયમો જાણી લેવા જોઈએ જે આપ આપની સ્કૂલ દરમિયાન ભણી ચૂક્યા છો. એ સિવાય આપ ને ગણિતના અમૂક શોર્ટ-કટ / શોર્ટ ટ્રિક્સ આવડવી જરૂરી છે જે માટે આપ કોઈ પણ સારા પૂસ્તકને અનુસરી શકો છો. શોર્ટ-કટ થકી આપ ઓછા સમયમાં વધુ દાખલા ગણી શકો છો. અને પ્રેક્ટીસ પણ એટલો જ અગત્યનો ભાગ ભજવે છે. આપે ગણિતમાં જેટ્લી વધારે પ્રેકટિસ કરી હશે એટલી આપને વધુ માર્ક્સ મેળવવામાં સહાયરૂપ થશે. હવે અંગ્રેજી અને સામાન્ય જ્ઞાન માટે એક મૂળભૂત જ્ઞાનસ્ત્રોતની વાત કરીએ તો એ છે અંગ્રેજી ન્યૂઝ પેપર. નિયમિત ન્યૂઝપેપરના માધ્યમથી આપના અંગ્રેજી શબ્દકોષમાં તો વધારો થશે જ તથા આપને વર્તમાન પ્રવાહો વિશેની પણ જાણકારી મળશે જે તમને અવશ્ય દરેક પરીક્ષા માં મદદરૂપ થશે. એ સિવાય સામાન્ય જ્ઞાનમાં ભૂગોળ, ઈતિહાસ, બંધારણ, જાહેર વહીવટ જેવા વિષયનો સમાવેશ થાય છે જે માટે આપ જી.સી.ઈ.આર.ટી.ની ધોરણ ૫ થી ૧૦ના પુસ્તકોનું વાંચન કરી શકો છો. હવે જગ્યાને અનુરુપ પ્રશ્નો વિશેની વાત કરીએ તો ક્લાર્ક અને તલાટી જો પંચાયત ધ્વારા લેવામાં આવે છે તો એ માટે આપે પંચાયતીરાજને લગતા પ્રશ્નો તૈયાર કરી શકો છો. એ સિવાય કોન્સ્ટેબલની પરીક્ષા માટે આપને કાયદાને લગતા વિષયનું અલગથી વાંચન કરવાનું રહે છે. આમ આપ દરેક પરીક્ષાના અભ્યાસક્રમને ધ્યાનમાં રાખી એ અનુરુપ ટાઈમ ટેબલ બનાવી નિયમિત વાંચન કરી ને સરળતાથી ઉત્તિર્ણ કરી શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

૨. હું અત્યારે ધોરણ ૧૨ કોમર્સમાં અભ્યાસ કરું છું. બી.એસ.એફ.માં સ્પોર્ટ્સ ક્વોટા દ્વારા જોબ મેળવવા માટે શું કરવુ જોઇએ?

- અજય યાદવ, ગાંધીનગર

અજય સૌપ્રથમ આપને

જણાવી દઈએ કે બી.એસ.એફ ધ્વારા અલગ-અલગ સ્પોર્ટ્ એટ્લે કે રમત-ગમત માટે નિયત સમયે જગ્યાઓ બહાર પડતી હોય છે. જેમકે હોકી, ફૂટબાલ, પોલો, દોડ, ઉંચી કૂદ, લાંબી કૂદ, ગોળા ફેંક, ખો-ખો વિગેરે. તમે આ બધામાંથી આપની રૂચિ અને યોગ્યતા મૂજબ પસંદ્રી કરી અરજી કરી શકો છો. આ જગ્યા માટે સૌથી અગત્યની યોગ્યતાની વાત કરીએ તો એ છે આપની ફિઝિકલ ફિટ્નેસ્ (શારીરિક ક્ષમતા). એટ્લે કે એ માટે આપની ઉંચાઈ,વજન, છાતી, વિગેરે બાબતોને ચેક કર્યા બાદ જો આપ જે તે જગ્યાની લાયકાત માટે જરૂરી માપદંડો ને લાયક હોવ તો આપની પસંદ્રી થઈ શકે છે. અન્ય લાયકાતની વાત કરીએ તો આપે રાષ્ટ્રિય અથવા આંતરાષ્ટ્રિય રમત-ગમત સ્પર્ધામાં જે તે રમત ગમતમાં ભાગ લીધો હોવો જોઈએ અથવા આપે યુનિવર્સિટી સ્પોર્ટ બોર્ડ ધ્વારા યોજવામાં આવતી સ્પર્ધામાં આપે આપની જે-તે યુનિવર્સિટી વતી ભાગ લીધો હોય અથવા આપે કોઈ રાષ્ટ્રિય રમત-ગમત સ્પર્ધામાં નેશનલ એવોર્ડ જીતેલ હોય તો આપ સિલેક્શન માટે લાયક હોવ છો. આ પૈકી જો આપ ઓછામાં ઓછી એક લાયકાત ધરાવો છો તો આપ જે તે જગ્યા માટે લાયક ગણાઓ છો. આપ આ જગ્યાઓ માટે ુ.ઝ્વજક.હૈજ્ઁ.હ પર જઈ ને અરજી ફોર્મ ડાઉનલોડ કરી શકો છો.અને જે આપ સાઈટ મા બતાવેલ એડ્રેસ પર મોકલી શકો છો.ત્યાર બાદ આપને પસંદગી પ્રક્રિયા માટે બોલાવવા માં આવે છે જેમાં આપની શારીરીક કસોટી સાથે-સાથે આપનું ડોક્યુમેન્ટ વેરિફિકેશન થાય છે તેમાં આપની માર્કશીટ, ઓળખપત્ર, વગેરે ચેક કરવામાં આવે છે. અને ત્યારબાદ આપનુ મેડિકલ ચેક-અપ કર્યા બાદ આપ જે તે જગ્યા માટે જોબ મેળવી શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

૩. હું હાલ ગાંધીનગર ખાતે એક પ્રાઇવેટ કંપનીમાં જોબ કરું છું. બૅન્ક પી.ઓ. અને એસ.એસ.સી. જેવી પરીક્ષાઓ આપી રહ્યો છું. મારી તૈયારી ખૂબ સારી છે અને હું ઘણી પરીક્ષા પાસ પણ કરી ચૂક્યો છું. એક પ્રશ્ન છતાં મનમાં આવે છે કે દર વર્ષે પરીક્ષાના પ્રશ્નોનું ડિફીકલટી લેવલ (અઘરા

પ્રશ્નો) વધતું જાય છે અને નવી-નવી પ્રકારના પ્રશ્નો જોવા મળે છે. નવા પ્રકારના પ્રશ્નોને કેવી રીતે મેનેજ કરી શકાય?

- રોહિત સૈની, ગાંધીનગર

રોહિત સૌ પ્રથમ તો આપ ખુબજ સારી તૈયારી કરી રહ્યા છો અને જાગૃત છો એ બદલ ખૂબ-ખૂબ અભિનંદન. આપનો પ્રશ્ન ખૂબજ મહત્વનો છે. વિદ્યાર્થીઓને આજકાલ દરેક પરીક્ષામાં વધતી જતી કોમ્પિટિશન જોવી પડે છે અને તેનો સામનો કરવે પડે છે. ખાસ કરીને સરકારી જોબ માટેની પરીક્ષા માટેની કોમ્પિટિશન છેલ્લા અમુક વર્ષોમાં ખૂબ વધી ગઈ છે. સ્વાભાવિક છે કે આવી પરિસ્થિતીમાં પ્રશ્નો અઘરા થાય. હવે પ્રશ્ન એ છે કે અઘરા પ્રશ્નોને કેવી રીતે મેનેજ કરવા અથવા તો નવા-નવા પ્રકારના પ્રશ્નો જ્યારે પરીક્ષામાં આવે તો શું કરવું? નવી-નવી પ્રકારના પ્રશ્નો ક્યાંથી મળી શકે? આના જવાબમાં અમે કહીશું કે દર વખતે પેપર સેટ કરનારના મગજમાં શું ચાલશે અને કેવી રીતે એ પ્રશ્ન પૂછી શકે તે જાણવું લગભગ અસંભવ છે કારણ કે સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં કોઈ ચોક્કસ સિલેબસ નથી હોતો. પ્રશ્નોના પ્રકાર અલગ-અલગ હોય શકે છે. તેના માટે અમે ત્રણ મુદ્દા કહીશું ૧) ફાઉંડેશન (પાયો) મજબૂત કરો ૨) પ્રેક્ટિસ કરો ૩) આત્મવિશ્વાસ રાખો. હવે આને સમજાવીએ તો પ્રશ્નોના પ્રકાર નવા-નવા થવાના જ છે કારણ કે કોમ્પિટિશન વધે છે. પણ પ્રશ્નો નો જે પાયો છે (ફૂંડામેંટલ્સ) એ સમાન જ રહશે. ધ્યાન રાખજો કે પ્રશ્નોને નવું સ્વરૂપ આપી શકાય પણ તેના મૂળ સિદ્ધાંતો તો સરખા જ રહશે. એટ્લે જો આપનો પાયો મજબૂત હશે તો આપણે કોઈ પણ પ્રકારના પ્રશ્નોને મેનેજ કરવામાં કોઈ તકલીફ નહીં પડે. બીજી ખૂબજ અગત્યની વસ્તુ 'પ્રેક્ટિસ'. પાયો મજબૂત કરવાની સાથે-સાથે આપ ખૂબ પ્રેક્ટિસ પણ કરો. આવું કરવાથી આપની વિષય પર પકડ મજબૂત થશે અને પરીક્ષા દરમ્યાન પ્રશ્નોના જવાબ સરળતાથી આપી શકશો. અને છેલ્લે, પોતાના પર અને પોતાની મેહનત પર વિશ્વાસ રાખો. જો આપની અંદર આત્મવિશ્વાસ હશે, તૈયારી સારી કરી હશે અને ખૂબ પ્રેક્ટિસ કરી હશે તો આપ કોઈ પણ પરીક્ષા સરળતાથી પાસ કરી શકશો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભક